# રાજકોટ મહાનગરપાલિકા

ડૉ. આંબેડકર ભવન, ઢેબરભાઈ રોડ, રાજકોટ-૩૬૦ ૦૦૧

-: અખબારી યાદી :-

# સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ કાલાવડ રોડ પર આવેલ આશાપુરા ડીલક્સ પાન શોપ સીલ કરાઈ:

## માસ્ક નહી પહેરનારા ૩૦ આસામીઓ પાસેથી દંડ વસુલ

તારીખ: ૧૬-૦૪-૨૦૨૧

શહેરમાં સોશિયલ ડિસ્ટન્સનો અને ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ધંધાર્થીઓ અને લોકો સામે રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કડક અને દંડ વસુલ કરવાની કાર્યવાહી હાથ ધરેલ છે , શહેરના જે-જે સ્થળોએ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ થાય છે તેવા સ્થળોએ દંડ અથવા સીલ કરવાની કાર્યવાહી કરવામાં આવે છે, તેમજ માસ્ક વિના જાહેરમાં ફરતા લોકો સામે પણ દંડ વસુલ કરવાની કામગીરી કરવામાં આવે છે. દરમ્યાન આજે ૧૬-૦૪-૨૦૨૧ ના રોજ સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ એક દુકાન સીલ કરવામાં આવી છે, અને શહેરમાંથી ફરજીયાત માસ્ક અંગેના ભંગ કરતા ૩૦ આસામીઓ પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ /- નો દંડ વસુલ કરવામાં આવેલ છે.

સોશિયલ ડિસ્ટન્સનો ભંગ કરવા બદલ કાલાવડ રોડ પર આવેલ આશાપુરા ડીલક્સ પાન શોપ સીલ કરવામાં આવી હતી તેમજ શહેરમાં જાહેર માર્ગો પણ માસ્ક પહેર્યા વિના અવરજવર કરતા ૩૦ વ્યક્તિઓ પાસેથી રૂપિયા ૩૦,૦૦૦ દંડ વસુલ કરવામાં આવેલ છે.

કોરોના સામે રક્ષણ મેળવવા સોશિયલ ડિસ્ટન્સનું પાલન કરવું આપણી અને આપણા પરિવાર માટે ખુબ જ જરૂરી છે. કોરોનાનો ચેઈન તોડવા માટે સૌ સાથે મળીને સહયોગ આપીએ. જાહેરમાં જવાનું ટાળો, બહાર નીકળો તો માસ્ક અવશ્ય પહેરો , વારંવાર હાથ સાબુથી સાફ કરવા જેવી સાવચેતી જાળવવી ખુબ જ જરૂરી છે.

(જન સંપર્ક અધિકારી)
રાજકોટ મહાનગરપાલિકા


SHREEJI
Champion




આશાપુરા ડીલક્સ
પાન & કોલ્ડ્રીંક્સ
શ્રી આશાપુરા ટી
ડિલક્સ



97234 91880
રઘુવિર
સેન્ટર
PhonePe